ગાંધીનગર સમાચાર

જુના સચિવાલય ખાતે નવિનીકરણ થયેલ ઉપાહાર ગૃહનો આજે શુભારંભ

@ગાંધીનગર

● નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ અને આરોગ્ય ભારતી સંસ્થાના સંયુક્ત ઉપક્રમે સાંજે ૬.૩૦થી ૭.૩૦ કલાક દરમિયાન સે-૨૩, અરવિંદ કેન્દ્ર ખાતે નિઃશુલ્કપણે ડાયાબીટીસના દર્દીઓ માટે શિબિર યોજાશે.

● સે-૮ વસાહત મંડળ દ્વારા સવારે ૧૦.૩૦થી ૫.૦૦ કલાક દરમિયાન સે-૮ના ત્રંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાશે.

● સે-૮ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી ખાતે સવારે ૧૦.૩૦ કલાકે સી.એન.એસ.આઈ.ની પ્રથમ નેશનલ કોન્ફરન્સ યોજાશે.

જીઆઈડીસીમાં સદ્‌ભાવના ગૃપનું અનોખું પ્રીતિભોજન

જિલ્લાની વિવિધ ૧૪ સંસ્થાઓના ૧ હજાર જેટલા લાભાર્થીઓને હેતપૂર્વક જમાડયા : આ સાથે મૂકબધિર પ્રજ્ઞાચક્ષુ બાળકો તથા વૃધ્ધાશ્રમના વડીલોને સ્ટેજ પુરું પડી અનોખો 'ટેલેન્ટ-શો' યોજાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના સે-૨૮ની જીઆઈડીસી સ્થિત સદ્‌ભાવના ગૃપ દ્વારા આજે સદ્‌ભાવના ચોક ખાતે અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાની મૂક-બધિર શાળાઓ, અંધ-શાળાઓ, વૃધ્ધાશ્રમો, ભિક્ષુક ગૃહ વગેરે જેવી ૧૪ સંસ્થાના તમામ લાભાર્થીઓને હેતપૂર્વક જમાડવામાં આવ્યા હતા. માત્ર એટલું જ નહી પરંતુ આ સંસ્થાના બાળકો સહિત તમામ પ્રતિભાશાળી કલાકારોને તેમની પ્રતિભા-ટેલેન્ટ પ્રદર્શિત કરવા મંચ પુરું પાડયું હતું.

સદ્‌ભાવના ગૃપ દ્વારા આયોજિત પ્રીતિ ભોજનનો કાર્યક્રમ ખરા અર્થમાં એક સેવા યજ્ઞ સમાન બની રહ્યો હતો. આ કાર્યક્રમમાં જીઆઈડીસી સ્થિત તમામ ઉદ્યોગકાર વેપારીઓને તેમના પરીવાર તથા તેમના ઓફિસ સ્ટાફ, કારીગરો વગેરે સહિત અન્ય ૧૪ સંસ્થાના ૧૦૦૦ જેટલા લાભાર્થીઓને પ્રીતિભોજન કરાવાયું હતું. આ ઉપરાંત જીઆઈડીસીમાં માલ પરિવહન માટે કાર્યરત લોડીંગ

રીક્ષા, ટેમ્પો, સાયકલ રીક્ષા વગેરેના ચાલકો અને અન્ય શ્રમજીવીઓને પણ આ ભોજન સમારંભમાં સામેલ કરાયા હતા. સદ્‌ભાવના ગૃપ દ્વારા આ પ્રીતિભોજનમાં ગાંધીનગર જિલ્લાની ૧૪ સંસ્થાના વડીલો વગેરેને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવા સ્ટેજ પુરું પાડી અનોખો 'ટેલેન્ટ શૉ' યોજયો હતો. આ ટેલેન્ટ શૉમાં આ સંસ્થાઓના બાળકોએ ગીત-સંગીત-નૃત્ય, વકતૃત્વ વગેરે ક્ષેત્રે વિવિધ ટેલેન્ટ પ્રદર્શિત કરી ઉપસ્થિત તમામને મંત્રમુગ્ધ કર્યા હતા. આ કાર્યક્રમમાં સદભાવના ગૃપ વતી આ સંસ્થાઓના સંચાલકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મહુડી-પેથાપુર રોડ પરનું આમ્રપાલી વૃધ્ધાશ્રમ, દહેગામની મૂક બધિર શાળા, મગોડીનું રાહેલ બા વૃધ્ધાશ્રમ, ડભોડાનું ભિક્ષુક ગૃહ, પ્રાંતિયા અને સરગાસણની માનસિક વિશિષ્ટ બાળકોની શાળા, સે-૧૬ની અંધજન શાળા, સે-૧૯ના સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સે-૨૫ના બંને શિવમ એજયુકેશન, સે-૨૮ની મૂકબધિર શાળા, ઘાટલોડીયાનું સેકન્ડ ઈનિંગ હોમ તથા પેથાપુરના કૈલાશબા વૃધ્ધાશ્રમનો સમાવેશ કરાયો હતો. ભોજનબાદ તમામ લાભાર્થીઓને નેપકિનની શુભેચ્છા ભેટ આપી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના તમામ લાભાર્થીઓને કાર્યક્રમમાં લાવવા તથા પાછા મુકવા જવાની તમામ વ્યવસ્થા સદભાવના ગૃપ દ્વારા કરાઈ હતી. વળી, જે સંસ્થાના લાભાર્થીઓ કાર્યક્રમમાં આવી શકે તેમ નહોતા તેમને ટિફીન પાર્સલ દ્વારા ભોજન પહોંચાડવામાં આવ્યું હતું.

સદ્‌ભાવના ગૃપના કાર્યક્રમમાં હેપ્પી ટુ હેલ્પ સંસ્થાના સ્વયંસેવકોએ ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી. સદભાવના ગૃપના ઉદ્યોગકાર વેપારીઓ તથા જીઆઈડીસીની વિવિધ ફેકટરીના કર્મચારીઓ, કારીગરો અને માલપરિવહન કરતા વાહનચાલકો દ્વારા પણ દાન-ભેટ ઉપરાંત નિઃસ્વાર્થ ભાવે સ્વયંસેવકની સેવાઓ આપી ભારે જહેમતથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સવારે ૮.૩૦ વાગ્યાથી પ્રારંભ થયેલ આ કાર્યક્રમ બપોર સુધી ચાલ્યો હતો.

જુના સચિવાલય ખાતે નવિનીકરણ થયેલ ઉપાહાર ગૃહનો આજે શુભારંભ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જુના સચિવાલય ખાતે ધી સચિવાલય સહકારી ઉપાહાર ગૃહ કાર્યરત છે. જેનું નવિનીકરણ કર્યા બાદ તા. ૪-૪-૨૦૧૬ને સોમવારના રોજથી ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં શુભારંભ કરવામાં આવનાર છે સાથે સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું છે. સૌ કર્મચારીઓને આ પ્રસંગે સવારે ૧૦ કલાકે ઉપસ્થિત રહેવા ઉપહાર ગૃહ દ્વારા આમંત્રણ પાઠવ્યું છે.

'ત્રિદલ' સંસ્થાની સ્વ. જય ગજજરને શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૩

શિક્ષણ-સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય 'ત્રિદલ' સંસ્થાએ એના પરમ મિત્ર સ્વ. જય ગજજરના અવસાન નિમિત્તે ઘેરા દુઃખની લાગણી વ્યકત કરી હતી.

સદગત જય ગજજર ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત સાહિત્યકાર હોવા ઉપરાંત કેનેડા સ્થિત અગ્રણી ઉદ્યોગપતિ હતા. 'ઓર્ડર ઓફ કેનેડા'ના બહુમૂલ્ય એવોર્ડ પ્રાપ્ત જય ગજજરના અવસાનથી ગુજરાતી સાહિત્યને જબરી ખોટ પડી છે તેવું 'ત્રિદલ' સંસ્થા વતી ભાનુપ્રસાદ પુરાણીએ સદગતને શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જણાવ્યું હતું.

ઓમ લેન્ડમાર્ક સ્કૂલ દ્વારા ઉમંગ-૨૦૧૬ યોજાયો

(તસવીર : કશ્યપ નિમાવત)

મોટા ચિલોડા સ્થિત ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ગુજરાતી માધ્યમના બાળકો દ્વારા ઉમંગ-૨૦૧૬ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન ઓમ એજયુકેશન કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાસ ગરબા, ફિલ્મી ડાન્સ, વેસ્ટર્ન ડાન્સ, નાટક, સ્વચ્છતા, પ્રદૂષણ, યોગ, કરાટે જેવા વિષયોને સમાવી લઈ વિવિધ કૃતિઓની રજૂઆત વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. આ ૬ઠ્ઠા વાર્ષિક ઉત્સવમાં ૮૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળામાં વર્ષ દરમિયાન શૈક્ષણિક અને રમતગમત તેમજ મંચ લક્ષી પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેનાર વિદ્યાર્થીઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તેવા હેતુથી આયોજાયો હતો. આ પ્રસંગે વાડીભાઈ પટેલ, શ્રી ગીરીશભાઈ રાવલ, પ્રિન્સીપાલ સુનિલ કેસરી, કો ઓર્ડિનેટર સઈદા કોવડીયા, ગિરીશ રાવલ કોલેજ ઓફ સાયન્સના પ્રિન્સીપાલ ડૉ. ધર્મેન્દ્ર વ્યાસ, પ્રિન્સીપાલ પ્રિતી ભદોરીયા અને વા. પ્રિન્સીપાલ હરીશ ગોહિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

નારાયણીમાં યોજાઈ એકવા-ઝુમ્બા પુલ-પાર્ટી

ગાંધીનગર નજીકના નારાયણ હાઈટસ ખાતે 'એકવા-ઝુમ્બા પુલ-પાર્ટી' યોજવામાં આવી હતી. આ પાર્ટીમાં નારાયણીના સ્વીમીંગ પુલમાં વોટર એરોબિકસ-ફયુઝન ઓફ હેલ્થ એન્ડ ફનની મોજ માણી શહેરીજનો રોમાંચિત થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ-ગાંધીનગર ખાતે આ પ્રકારની પુલ-પાર્ટી સૌ પ્રથમ વાર યોજાઈ હતી.

ભાઈની સગાઈના દિવસે જ મોટા ભાઈનો કેનાલમાં આપઘાત

ગાંધીનગર, તા.૩

અમદાવાદ કુબેરનગર વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય પરિણીત યુવાનનો આજે બપોરના અરસામાં લીંબડીયા નર્મદા કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. તપાસ કરતાં આજે જ તેના નાના ભાઈની સગાઈ હતી અને તેને લગતો સામાન લેવા માટે જ તે મિત્રનું બાઈક લઈને નીકળ્યો હતો. કેનાલ બહારથી તે બાઈક અને મોબાઈલ પણ મળી આવ્યો હતો. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી તપાસ શરૂ કરી છે. યુવાને કોઈ કારણસર આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

કુબેરનગર ખાતે સ્થિત શકિતભવાની ચોકમાં રહેતા ૨૮ વર્ષીય પરિણીત યુવાન પરેશ દુધાભાઈ પરમારને એક સંતાન છે. આજે પરેશના નાના ભાઈની સગાઈ હતી. સવારે નાસ્તા પાણી માટેનો સામાન લેવા માટે પરેશ તના મિત્રનું બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો. બપોર થઈ જવા છતા ઘરે ન પહોંચતા ઘરેથી પરિવારજનોએ ફોન કરવાનું શરૂ કર્યું હતું. લીંબડીયા નર્મદા કેનાલ પાસેથી પસાર થતા સિકયુરીટી ગાર્ડ કેનાલ બાજુપડેલા બાઈક પર નજર નાંખી અને તે બાજુ ગયો તો ત્યાં એક મોબાઈલ પણ પડેલો હતો જેની રીંગ સતત વાગતી હતી ફોન ઉપાડીને વાત કરી ત્યારે ખ્યાલ આવ્યો કે સગાઈની સામગ્રી લેવા નીકળેલો મોટો ભાઈ કેનાલ પાસે પહોંચી ગયો છે અને કેનાલમાં કોઈ કારણોસર પડતું મુકયું છે. પરિવારજનો લીંબડીયા કેનાલ આવી પહોંચ્યા હતા. ડભોડા પોલીસે મૃતદેહ બહાર કઢાવી પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને આપઘાતની આશંકાને લઈ તે દિશામાં તપાસ શરુ કરી છે.

પેન્સિલ વડે શહેરને ખ્યાતિ અપાવનાર અનોખો ચિત્રકાર પરિવાર

સચિવાલયમાં ક્રિકેટર તરીકે જાણીતા વત્સલ વોરા અત્યાર સુધીમાં ૭૦થી વધુ પેન્સિલ પોટ્રેટ સ્કેચ બનાવી ચૂકયા છે : પિતાના પગલે તેમના જોડિયા સંતાનો પણ અદ્‌ભૂત સ્કેચ બનાવવા લાગ્યા છે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં વર્ષ ૨૦૧૫ના જુન માસમાં ભાટ નજીક આવેલ ઈડીઆઈ સંસ્થા ખાતે ભારતના મિસાઈલ મેન તરીકે જાણીતા તત્કાલિન રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ પધાર્યા હતા. ઋષિ સમાન પ્રતિભા ધરાવતા આ મહામાનવને મળવા અનેક નગરજનોએ રૂબરૂ મળવા ભીડ જમાવી હતી. આ સમયે એક પિતા તેના બે સંતાન દિકરા-દિકરીને સાથે રાખીને હાથમાં એક મોટી ફ્રેમ લઈને મળવા પહોંચી ગયા હતા. કલામ સાહેબને મળી તેમણે આ પ્રેમ ભેટ ધરી અને ફ્રેમમાં મઢેલ પોતાનું પેન્સિલ સ્કેચથી બનાવેલ આબેહૂબ પોટ્રેટ જોઈ તેઓ બે ઘડી દંગ રહી ગયા હતા. ગાંધીનગરના આ કલાકારની સુંદર કળા જોઈ પ્રભાવિત થતા તેમણે કલાકાર તથા તેના સંતાનો સાથે આશરે પાંચ મિનિટ સુધી વાત કરી હતી. કલાકારને મન તો તેની કલાની આ શ્રેષ્ઠતમ કદર સમી મુલાકાત બની રહી હોવાનો અહેસાસ થયો હતો.

આ કલાકાર એટલે સેકટર-૭માં રહેતા વત્સલ વોરા જેઓ સચિવાલય ખાતે સામાન્ય વહીવટી વિભાગમાં સ્ટેનોગ્રાફર તરીકે ફરજ બજાવી રહ્યાં છે. નોકરી દરમિયાન તેમનું કામ મોટે ભાગે અધિકારી સાહેબના પીએ જેવું રહેતું એટલે જયારે સાહેબ મિટીંગમાં જાય એટલે તેમને ૨ થી ૩ કલાકનો ફ્રી સમય મળી રહે. આ સમયમાં જ તેઓ નાનપણનો ડ્રોઈંગનો શોખ પૂરો કરવા કોરા કાગળ પર બૉલપેનથી સ્કેચ બનાવે. બૉલપેનથી સ્કેચ બનાવવા પાછળ તેમનો તર્ક એવો કે જો ભૂલ થાય તો કાગળ ફાડી ફેંકી દેવો પડે એટલે ફરજિયાત વધુ ચીવટથી ચિત્ર દોરાય. આટલા પરફેકશનના આગ્રહી વત્સલભાઈએ કયારેય ચિત્રો દોરવાની પ્રોફેશનલ તાલીમ લીધી નથી. તેમની આ કળા નિહાળી વિંગમાં આવતા ટ્રેશર એન.જી. પટેલે તેમને પેન્સિલથી પોટ્રેટ બનાવવા પ્રેર્યા અને ચાલુ થયો તેમના જીવનનો એક નવો અધ્યાય. દરરોજ નોકરીથી ઘરે આવીને સતત બે થી ત્રણ કલાક ડ્રોઈંગ કરવામાં વિતાવવા લાગ્યાં. તેમની સતત લગન અને મહેનત જોઈ તેમના મિત્ર સુગદભાઈ પ્રિયદર્શી જેઓ પોતે એક ચિત્ર શિક્ષક હતા તેમણે કેટલીક ટેકનિકલ ટીપ્સ આપવાનું પ્રારંભ કર્યું. વર્ષ ૨૦૦૪માં ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનના હોર્ડિંગ્સ માટે ૭ જેટલા નામી સાહિત્યકારોના પોટ્રેટ દોરવાનું કામ પણ વત્સલભાઈને સોંપાયું.

વર્ષ ૨૦૦૭માં ગાંધીનગરમાં 'લગે રહો ગુજજુભાઈ' નાટકના શૉ માટે આવેલા સિધ્ધાર્થ રાંદેરિયાને

તેમનું પોટ્રેટ બનાવી તેમણે ભેટ આપ્યું ત્યારથી ચાલુ થયો સેલીબ્રિટી કે મહત્વની હસ્તીઓના સ્કેચ બનાવી તેમને ભેટ આપવાનો સીલસીલો. અત્યાર સુધીમાં તેઓ ૭૦થી વધુ પોટ્રેટ દોરી ભેટ આપી ચુકયા છે. જેમાં નરેન્દ્ર મોદીથી માંડીને સચિન તેંડુલકર, રાહુલ દ્રવિડ, મોરારી બાપુ, હેમામાલિની, બોમન ઈરાની, શાહબુદ્દીન રાઠોડ, દિપક ધીવાલા, રાગીણી, સંજય ગોરડિયા સહિત અઢળક હસ્તીઓનો સમાવેશ થાય છે. જો કે સૌથી યાદગાર અનુભવ છે તેમને 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ની ટીમનો. જેઠાલાલ ઉર્ફે દિલીપ જોષી અને દયાભાભી ઉર્ફે જયારે પરત ફરી રહ્યા હતા ત્યારે દિશા વાકાણી તેમને વળાવવા છેક સ્ટુડિયોના ઝાંપે સુધી ચાલીને આવી હતી તે તેમને મન મોટા ઈનામ સમાન હતું.

વત્સલ વોરાના જોડિયા સંતાનો હાર્દજ્ઞ અને હિમાને પણ ધોરણ દસમા હતા ત્યારથી પિતાના પગલે ચિત્રો દોરવાનો શોખ લાગ્યો અને પિતાના માર્ગદર્શનથી અત્યાર સુધીમાં આ બંને પણ અઢળક ચિત્રો દોરી પ્રસંશા મેળવી ચુકયા છે. પિતા સાથે બંને એપીજે અબ્દુલ કલામને મળવા ગયા હતા અને તેમની સાથે વાત કરી ધન્ય થયા હતા. નાગર સમાજમાં કોઈનું અવસાન થાય તો તેની પાછળ વિદ્યાર્થીઓને જમાડવા-ઈનામો આપવા જેવા કાર્યક્રમોનો રિવાજ છે. પરિમલ વસાવડા નામના નાગરે આ કાર્યક્રમના બદલે ગુજરાતના નાગર ચિત્રકારોનું અમદાવાદની હઠીસિંહ આર્ટ ગેલેરીમાં પ્રદર્શન યોજવાનું વિચાર્યું અને તેમાં આ વોરા પરિવારના ચિત્રો પણ સામેલ થઈ પ્રસંશા પામ્યા હતા. પિતા અને સંતાનો તો પ્રતિભાશાળી હતા પરંતુ માતા ચક્ષુબેન પણ કંઈ કમ નહોતા. તેમના રસોઈના શોખે તેમને ટીવી ચેનલ પર ફલેવર્સ ઓફ ગુજરાતમાં પાંચ વાર અને રસોઈની રમઝટમાં એક વાર શૉ પ્રદર્શિત કરવા નિમંત્ર્યા હતા. ગાંધીનગરની કોલેજોમાં કેન્ટિન ડેના જજ તરીકે પણ તેઓ સેવા આપે છે.

જો કે સચિવાલયમાં વત્સલ વોરા એક ઓલ રાઉન્ડર ક્રિકેટર તરીકે જાણીતા છે. જેમણે સચિવાલય આંતર વિભાગીય ક્રિકેટમાં અઢળક ખિતાબો હાંસલ કર્યા છે એટલું જ નહી પરંતુ બીસીસીઆઈની અમ્પાયરીંગની પ્રથમ કક્ષા પાસ કરી અધિકૃત અમ્પાયરની સેવાઓ પણ આપી રહ્યાં છે. હાલ તો ગાંધીનગર આવતા તમામ સેલેબ્રિટીને તેના પોટ્રેટ આપી તેની નકલ પર ઓટોગ્રાફ લેવો તે તેમનો મુખ્ય શોખ બની પોર્ટપોલિયો વિકસાવી રહ્યા છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

મૂળ અમરેલી જિલ્લાના વતનીઓની ગાંધીનગર ડીરેકટરી તૈયાર કરવા જોગ

ગાંધીનગર, તા.૩

અમરેલી જિલ્લા પરિવાર ટ્રસ્ટ દ્વારા અમરેલી જિલ્લાના વતની હોય અને ગાંધીનગર ખાતે નિવાસ કરતા હોય તેવા પરિવારોની ડીરેકટરી તૈયાર કરવામાં આવી રહી છે. ઈ ડીરેકટરી તૈયાર કરવાની કામગીરી પૂર્ણતાના આરે છે. આ માટે કુટુંબના સભ્યોની વિગત અને મુખ્ય વ્યકિતના ફોટો એકત્રિત કરવામાં આવ્યા છે. આમ છતા ઘણા પરિવારની માહિતી અને ફોટા ઉપલબ્ધ થયેલ નથી. અગાઉ પ્રસિધ્ધ કરેલી ડીરેકટરીની વિગત પ્રમાણે ઘણા સભ્યના સરનામા તથા ફોન નંબર બદલાયા છે. જે પરિવારે નિયત નમૂનામાં માહિતી આપી ન હોય તેઓએ મેનેજીંગ ટ્રસ્ટી ઉમેશભાઈ વ્યાસ નં. ૯૪૨૬૪ ૧૫૭૯૯ અને મંત્રી ગોવિંદભાઈ દુધાત નં. ૯૪૨૮૬ ૦૬૯૨૨નો સંપર્ક કરી વિગતો પહોંચાડવા જણાવાયું છે.

વાવોલ સ્થિત એમ.ડી. શાહ પ્રાથમિક વિદ્યાલયમાં વર્ષ દરમિયાન શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ વિવિધ ઈત્તર પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વિજેતા થનાર પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓ તેમજ બાલમંદિરના વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ઈનામ વિતરણ કાર્યક્રમમાં શાળાના મંત્રી રઘુસિંહ ગોલ, એમ.બી. પટેલ

વિદ્યાલયના આચાર્ય બળદેવભાઈ પટેલ, શાળાના આચાર્યા જાગૃતિબેન જાની, ઉપાચાર્ય હેતલબેન પટેલ તથા ઓ.એસ. સોનલબા ગોલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

ચિરવિદાય

- સ્વ. ઈશ્વરભાઈ કેશવલાલ પટેલ, ઉ.વ. ૭૮
- સ્વ. જય પૂજાલાલ ગજજર, ઉ.વ. ૮૨
- સ્વ. અમાજી આતાજી ઠાકોર, ઉ.વ. ૬૨
- સ્વ. ડાહ્યાભાઈ મથુરદાસ પટેલ, ઉ.વ. ૫૫
- સ્વ. પસીબેન બ્રહ્માનંદ સાધુ, ઉ.વ. ૭૦
- સ્વ. રેખાબેન ભરતકુમાર પરમાર, ઉ.વ. ૬૭

વાતવાતમાં

● સે-૧૨ રાજપૂત ભવન ખાતે બાવળ વાંટા રાજપૂત સમાજના સ્નેહમિલન સમારંભમાં વડગામ તાલુકાના ૧૦૩ વર્ષીય મણીબેન પણ સામેલ થયા હતા. આટલી ઉંમરે હજુ પણ ઘરકામના તમામ કાર્યો જાતે કરી શકતા મણીબેનનું સ્વાસ્થ્ય જોઈ સમાજના સ્નેહીજનો અચંબિત થયા હતા.

● સે-૨૮માં સદભાવના ગૃપ દ્વારા આયોજિત કાર્યક્રમમાં એક પ્રજ્ઞાચક્ષુ બાળકે 'ઐસી લાગી લગન' ભજન ગાઈ શ્રોતાઓને હર્ષોલ્લાસિત કરી મુકયા હતા. આ કાર્યક્રમમાં જીઆઈડીસીમાં માલ હેરફેર માટે પેડલ રીક્ષા ચલાવતા શ્રમજીવીઓએ ભોજન પીરસવાની ખડે પગે સેવાઓ આપતા ગૃપના સભ્યો ગદગદિત થઈ ગયા હતા.

● ગુડાના સાયકલ શેરીંગ પ્રોજેકટમાં એક ગરીબ યુવાન સાયકલ લઈ ગયા પછી ત્રણ દિવસે પરત કરવા આવ્યો હતો. સાયકલના ભાડા પેટે રૂ. ૩૦૦નું બિલ તે ચુકવી શકવા અસમર્થ હોઈ કર્મચારીએ સાયકલ પરત આવ્યાનો સંતોષ માની સદભાવના દર્શાવી હતી.

● રોડ નં. ૩ના છેડે વાવોલ ફાટક નજીક છેલ્લા ૧૫ દિવસથી આશરે સાતેક સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં છે. સ્ટ્રીટલાઈટ બંધ હોવાના કારણે વાહનચાલકો અને રાહદારીઓને રાત્રિના સમયે અને વહેલી પરોઢે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

● શહેરમાં એસ.પી. દ્વારા મોટા ઉપાડે હાથ ધરાયેલ હેલ્મેટ અને સીટબેલ્ટ માટેની ટ્રાફિક ડ્રાઈવ હવે ઢીલી પડી રહી હોવાનું જણાય છે. વાહનચાલકોમાં પણ પોલીસની નીતિ હંમેશા 'આરંભે શૂરાની' હોવાની છાપ વધુ દૃઢ બની હોવાથી છૂટછાટ લેવાનું ચાલુ કરી દેવાયું છે.